©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 02nd MARCH, 2026/PHALGUNA 11, 1947 [No. 1647

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૪(ઉમરાજ)/ઈરાદો/પ્રસિધ્ધ/૨૦૨૬/વશી/૧૦૬.-ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ મોજે:- ઉમરાજ ગામની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ) ના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ) ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબ ચર્તુ : સીમા માં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨-૦૨-૨૦૨૬ ની ૩૧ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક:૫૨૨ થી કરેલ છે.

ઠરાવ : મોજે. ઉમરાજ ની જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪ (ઉમરાજ), ક્ષે.૧૦૩.૦૩ હેક્ટર, તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોય, આથી ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની આનુસાંગીક તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ)યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ) ના વિસ્તારની ચર્તુ : સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૨(ઉમરાજ)

દક્ષિણે : મોજે.ઉમરાજ તથા મોજે.આલી ગામનો સિમાડો

પૂર્વે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)

પશ્ચિમે : મોજે. શેરપુરા ગામનો સિમાડો

ઉપરોકત ચર્તુ:સીમાની અંદર આવતા મોજે : ઉમરાજ ના રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબરવાળા વિસ્તારનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ)માં થાય છે.

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૪(ઉમરાજ)/ઈરાદો/ અધિસુચન/૨૦૨૬/૧૦૬
તા. ૨૫-૦૨-૨૦૨૬.

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ.

સરનામું :
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી,
કણબીવગા, ભરૂચ-૩૯૨૦૦૧.

અધિસુચન

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૫(ઉમરાજ)/ઈરાદો/પ્રસિધ્ધ/૨૦૨૬/વશી/૧૦૭.-ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ મોજે:-ઉમરાજ ગામની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)ના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબ ચર્તુ : સીમા માં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨-૦૨-૨૦૨૬ ની ૩૧ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક:૫૨૩ થી કરેલ છે.

ઠરાવ : મોજે : ઉમરાજની જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ), ક્ષે.૧૧૦.૨૧ હેક્ટર, તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોય, આથી ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની આનુસાંગીક તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ) ના વિસ્તારની ચર્તુ : સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ) તથા યોજના નં.૧૨(ઉમરાજ)

દક્ષિણે : મોજે.ઉમરાજ ગામ

પૂર્વે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬(નંદેલાવ) તથા યોજના નં.૭(નંદેલાવ)

પશ્ચિમે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪(ઉમરાજ)

ઉપરોકત ચર્તુ : સીમાની અંદર આવતા મોજે: ઉમરાજ ના રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબરવાળા વિસ્તારનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)માં થાય છે.

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૫(ઉમરાજ)/ઈરાદો/ અધિસુચન/૨૦૨૬/૧૦૭
તા. ૨૫-૦૨-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ.

સરનામું :
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી,
કણબીવગા, ભરૂચ-૩૯૨૦૦૧.

અધિસુચન

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૬(નંદેલાવ)/ઈરાદો/પ્રસિધ્ધ/૨૦૨૬/વશી/૧૦૮.-ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ મોજે : નંદેલાવ ગામની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬(નંદેલાવ)ના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬(નંદેલાવ)ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબ ચર્તુ : સીમામાં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨-૦૨-૨૦૨૬ ની ૩૧મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક:૫૨૪ થી કરેલ છે.

ઠરાવ : મોજે. નંદેલાવની જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬ (નંદેલાવ), ક્ષે.૧૧૦.૩૭ હેક્ટર, તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોય, આથી ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની આનુસાંગીક તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬ (નંદેલાવ)યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬(નંદેલાવ) ના વિસ્તારની ચર્તુ : સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ)

દક્ષિણે : મોજે.નંદેલાવ ગામ

પૂર્વે : મોજે.નંદેલાવ તથા મોજે. રહાડપોર ગામ

પશ્ચિમે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)

ઉપરોકત ચર્તુ : સીમાની અંદર આવતાઅ મોજે : નંદેલાવ ના રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબરવાળા વિસ્તારનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬(નંદેલાવ) માં થાય છે.

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં. ૬(નંદેલાવ)/ઈરાદો/અધિસુચન/૨૦૨૬/૧૦૮
તા. ૨૫-૦૨-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ.

સરનામું :
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી,
કણબીવગા, ભરૂચ-૩૯૨૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.03 17:47:09 IST